 ISSN: 2349-6002

# શિક્ષણમાં માતૃભાષાનું પ્રભુત્વ અને સાંપ્રતતા

**કલ્પના એન. પંડ્યા**
*શોધછાત્રા (MKBU)*
doi.org/10.64643/IJIRTV12I8-190977-459

**સારાંશ - જીવનના અનેક પાસાં છે. તે અનેક બાબતો સાથે સંકળાયેલું છે. જીવનના આ જુદાં જુદાં પાસાંઓનો જ્ઞાન દ્વારા જુદી જુદી શાખાઓ ચોક્કસ દ્રષ્ટિકોણ થકી અભ્યાસ કરે છે. શિક્ષણ જીવન માટે હોય છે. તેથી શાસ્ત્રોના જ્ઞાનના પાયા પર શિક્ષણના વ્યવહારો અને શિક્ષણના સિદ્ધાંતોની ઈમારત ચણાય છે. શિક્ષણના સિદ્ધાંતો ઘડવામાં અને શૈક્ષણિક વ્યવહારો ગોઠવવામાં વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન આધારશીલા રૂપ હોય છે. શિક્ષણની અનેક આધારશીલાઓ છે. ખેતરમાં ખેડૂત અનાજ ઉગાડે  ત્યારે રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, હવામાનશાસ્ત્ર વગેરે, જ્ઞાનનો સમન્વય કરવો પડે છે તેવી જ રીતે શિક્ષકે પણ સમાજશાસ્ત્ર, તત્વજ્ઞાન, જીવ- શાસ્ત્ર, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર વગેરે, શાસ્ત્રોનો સમન્વય જ્ઞાનના પાયા પર પોતાના શૈક્ષણિક વ્યવહારો ગોઠવવાના હોય છે. શિક્ષણનું કાર્ય કરવા માટે શિક્ષણના જીવન સાથેના સંબંધની સ્પષ્ટતા અને સમજ હોવી જરૂરી છે. જીવન સાધ્ય છે પણ શિક્ષણ સાધનરૂપ છે શિક્ષણ તેનો એક અંશ છે. જેમ જીવન અને શિક્ષણનો સંબંધ છે તેમ જીવન અને ફિલસુફીનો પણ સંબંધ રહ્યો છે. ફિલસુફી ખરેખર જ્ઞાન હોવાથી તે જીવનને અર્થપૂર્ણ, કલ્યાણકારી અને સુખી બનાવી શકે છે. આધુનિક સમય પ્રમાણે શિક્ષણમાં ઔચિત્યની સમીક્ષા એ જ ખરાં અર્થમાં શિક્ષણની ફિલસુફી છે. શિક્ષણ વ્યવસ્થા સંસ્કૃતિ પર ખૂબ અસર કરે છે. શિક્ષણ જૂની પેઢીની સંસ્કૃતિ નવી પેઢી સુધી હસ્તાંતરણ કરવામાં મોટો ફાળો આપે છે. શિક્ષણ ત્યારે જ શક્ય બને જ્યારે ભાષા હોય. દુનિયાની અનેક ભાષાઓ છે. તે પોત પોતાના સ્થાને ઉત્તમ છે પણ માતૃભાષા એ તો માના ખોળા સમાન છે.**

## પ્રસ્તાવના

જીવનના પ્રત્યેક અનુભવને શિક્ષણ કહીએ તો વાસ્તવિક રીતે સમસ્ત માનવજીવન જ શિક્ષણ છે. શિક્ષણનો સબંધ વ્યક્તિ સાથે જેટલો છે એથી વધુ સમાજ સાથે છે માનવ જીવનમાં જે કાંઈ અર્જિત છે તે બધું શિક્ષણનું જ પરિણામ છે. વ્યક્તિનું ચારિત્ર, સંસ્કૃતિ, વ્યક્તિત્વ, ચિંતન, સૂઝબૂઝ, ટેવો, કુશળતાઓ જીવનની આ બધી બાબતો શિક્ષણ પર આધાર રાખે છે વાસ્તવિક રીતે જોઈએ તો શિક્ષણ એક સંસ્કાર પ્રક્રિયા છે. તે જીવનનો વિકાસ કરે છે. ભારતીય દર્શન અનુસાર જીવનનું અધિષ્ઠાન અધ્યાત્મ છે. અધ્યાત્મનો સંબંધ આત્મા સાથે છે. આત્મા મનુષ્યની સત્તાનો અંતરતમ મર્મ છે ખરેખર તો શિક્ષણ જ્ઞાનની સાધના છે. જ્ઞાન ચેતનાનો વિકાસ છે; એટલે કે શિક્ષણ ચેતનાનું જ સંવર્ધન છે. સામાન્ય રીતે અક્ષર જ્ઞાન કે પાઠ્યપુસ્તક અથવા જુદા જુદા વિષયોના અભ્યાસક્રમના અધ્યયનને શિક્ષણ સમજી લેવામાં આવે છે, પણ વાસ્તવિક રીતે શિક્ષણનું ક્ષેત્ર ખૂબ જ વિસ્તૃત છે. માણસના જ્ઞાનનો બહુ જ થોડો અંશ ભાષા દ્વારા વ્યક્ત થાય છે અને એમાંય થોડો ઘણો અંશ લિપિ બધા કરી શકાય છે. આ લિપિ જ્ઞાન અથવા ભાષા જ્ઞાનથી શિક્ષણનો પૂર્ણ  ઉદેશ્ય સિદ્ધ થઈ શકતો નથી. શિક્ષણની અંતર્ગત એ બધી જ ક્રિયાઓનો સમાવેશ થાય છે જેના દ્વારા કોઈ પણ વ્યક્તિ અથવા વ્યક્તિ સમૂહ પોતાની પાસેનું જ્ઞાન બીજાને આપવાનો પ્રયત્ન કરે છે. આ

 ISSN: 2349-6002

પ્રયત્ન વિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં નહીં પણ ઘરે ઘરે કારખાનાં, ખેતરમાં, દુકાનો, રમતના, મેદાનમાં, કલા ભવનમાં તેમજ અખાડામાં ચાલતો જ રહે છે. આ રીતે મનુષ્યનું શિક્ષણ કેવળ વિદ્યાર્થી જીવનકાળ સુધી જ સીમિત રહેતું નથી પણ જીવનભર ચાલતું રહે છે "સમસ્ત માનવ જીવન શિક્ષણ છે અને શિક્ષણ જ જીવન છે" આ આખી પ્રક્રિયા માતૃભાષામાં થાય તો વ્યક્તિ સર્વાંગી રીતે ખીલી શકે.

પાયાનું શિક્ષણ માતૃભાષામાં

વર્તમાન સમયમાં શિક્ષણ જગતમાં માતૃભાષાના માધ્યમ અંગે મુદ્દો છવાઈ ગયો છે. માતૃભાષા અભિયાનમાં અત્યારે દેશની રાષ્ટ્રભાષા અને જે તે રાજ્યની રાજભાષા કરતા સર્વત્ર અંગ્રેજીકરણ જે રીતે રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે તે ચિંતાનો વિષય બન્યો છે. આપણે ત્યાં ગુજરાતી ભાષાની બચાવવાના હેતુસર જાણીતા લેખક ચિંતક ડૉક્ટર ગુણવંત શાહના નેતૃત્વ હેઠળ 30 મી જાન્યુઆરી થી છઠ્ઠી ફેબ્રુઆરી 2010 દરમિયાન જુનાગઢ થી સુરત સુધી માતૃભાષા વંદના યાત્રા યોજાય હતી તે વાચકોને યાદ હશે.

અનિષ્ટ ઘેલછાના શિકાર

આપણા દેશમાંથી અંગ્રેજોની વિદાય પછી રાષ્ટ્રપિતાએ કહી દીધું હતું કે, કહી દો ગાંધી અંગ્રેજી ભૂલી ગયા છે. આજે એ જ ગાંધી- દયાનંદ- વિનોબા ના અનુયાયી દેશમાં અંગ્રેજી માધ્યમના શિક્ષણ દ્વારા એક એવો વર્ગ નિર્માણ થઈ રહ્યો છે જે ભવિષ્યમાં વર્ગ ભેદ જ નહીં રાજકતાનું કારણ પણ બની શકે તેમ છે. આપણે ભૂલી ગયા અંગ્રેજીને આંખમાં આંજીને બેઠા છીએ. પણ જગતના 180 દેશો માંથી ફક્ત 12 દેશો જ અંગ્રેજીમાં વ્યવહાર કરે છે. બાકીના પોતાની ભાષાનો ઉપયોગ કરે છે. અંગ્રેજીનું મહત્વ સૌને સ્વીકાર્ય છે. અંગ્રેજી માધ્યમનો છોડવો રહ્યો 'અંગ્રેજી આંખ છે તો માતૃભાષા દ્રષ્ટિ છે' એવું આજે પણ માનવામાં આવે છે. મારે અહીં ગુજરાતી કે હિન્દી ના બદલે માત્ર માતૃભાષા વિશે વાત કરવી છે. અંગ્રેજીના ઓવારણા વચ્ચે પણ જાપાન, ચીન, ફ્રેન્ચ, રશિયા, કોરિયા વગેરે, દેશો માતૃભાષાનું ગૌરવ અને સ્વમાન કઈ રીતે સાચવે છે તેના ઉદાહરણ અપાય છે. છેલ્લા થોડા ઘણા વર્ષોથી આપણા દેશમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની એક અનિષ્ટ ઘેલછા ઉપડી છે. તેના કારણે આજે ભારતમાં એવી સ્થિતિ આવી છે કે, જે અંગ્રેજો પણ સર્જી શક્યા નહોતા. બ્રિટિશ રાજ્યમાં એમની ભાષા શીખવી અનિવાર્ય હતી. તેઓએ ક્યારેય શાળામાં ત્રણ ચાર વર્ષના બાળક માટે અંગ્રેજી ભાષા ભણાવવા આગ્રહ રાખ્યો ન હતો.

વિપરીત માનસિક અસર

પ્રાથમિક શાળાઓમાં માતૃભાષા જ શિક્ષણનું માધ્યમ રહેતી હતી. તેમજ પ્રાથમિક કક્ષા પછી અંગ્રેજી શરૂ થતી હતી. તેમાં બાળકો પર સ્વાભાવિક બોજો પડતો ન હતો. આજે આપણે અંગ્રેજીને મસ્તક પર બેસાડીને અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપતા જે 'કારખાના' ચલાવી રહ્યા છીએ તે બાળકો પર મનોવૈજ્ઞાનિક રીતે ખરાબ અસર પાડી રહ્યા છે.

ઘરમાં માતૃભાષા અને શાળામાં અંગ્રેજીના ઉપયોગથી વિકાસશીલ બાળમાનસ પર બેવડો બોજો આવી પડે છે. તેથી અંગ્રેજી માધ્યમના બોહળા વ્યાપ છતાં આજે પણ ઘણાને સાચું અંગ્રેજી ફાવતું કે આવડતું નથી. તે આપણે અંગ્રેજી લિપી અને ગુજરાતી ભાષામાં પાઠવતા ઈમેલ કે એસએમએસ જોઈ શકીએ છીએ. તમે કોઈ અંગ્રેજી બાળકને ગુજરાતી કે અન્ય ભાષાના માધ્યમમાં ભણતા જોયા છે.? તો આપણે ત્યાં અવળી ગંગા કેમ? બાળકોમાં પોતાની ભાષા પ્રત્યે અરુચિ તથા વિદેશી ભાષા પ્રત્યે મોહ વધતો જઈ રહ્યો છે. દયાનંદ સરસ્વતી (1824 થી 1883), મહાત્મા ગાંધી (1869 થી 1948), વિનોબા ભાવે (1895 થી 1982) વગેરે મહાનુભાવોએ પોતાની ભાષામાં

 ISSN: 2349-6002

કેળવણી આપવાની હિમાયત કરી હતી. 'વિનોબાજી એક સાથે દેશ-વિદેશની અનેક ભાષાઓ જાણતા હતા. તેઓ કહેતા કે, માતૃભાષા વ્યક્તિની પહેલી, રાષ્ટ્રભાષા બીજી અને સંસ્કૃતિ ત્રીજી આંખ છે!'[૧] આપણા બંધારણમાં પણ અંગ્રેજીને બીજું અને હિન્દી ને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

સ્વભાષાના ગૌરવકર્તા રાષ્ટ્રો

ચીન પ્રજાસત્તાકનું ઉદાહરણ આપણી સામે છે. ચીની વિદ્યાર્થીઓના શિક્ષણનું માધ્યમ ત્યાંની જનતાની માતૃભાષા જ છે. ચીનમાં તબીબી વિજ્ઞાન જેવા વિષયનું શિક્ષણ પણ અંગ્રેજીમાં નહીં ચીની ભાષામાં જ અપાય છે. આ મુદ્દો વિગતે જોઈએ તો અમેરિકાની જાણીતી પ્રકાશન સંસ્થા મેક ગ્રો હીલ દ્વારા ઔષધશાસ્ત્રનું એક પાઠ્યપુસ્તક અંગ્રેજીની આંતરરાષ્ટ્રીય આવૃત્તિ ઉપરાંત વિશ્વની કુલ ૧૪ ભાષાઓમાં પ્રસિદ્ધ કરાયું છે. આમાં યુરોપના 11 રાજ્યો પોતાની માતૃભાષાઓ જેવી કે અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ , ગ્રીક, પોલીશ, સ્પેનીસ, વગેરેમાં પોતાના વિદ્યાર્થીઓને વેદ વિજ્ઞાન શીખવાડી રહ્યા છે, જ્યારે એશિયા મહાદ્વીપના ફક્ત ત્રણ દેશો ચીન જાપાન અને સાઉથ અરેબીયા યુરોપિય પરંપરાનું વહન કરી રહ્યા છે, આ સૂચિમાં કોઈ ભારતીય ભાષાનું નામ જોવા મળતું નથી.

બહુ મહત્વની વાત છે કે, "સ્વીડનમાં તો બહારથી આવીને વસેલા પરિવારના બાળકોને માતૃભાષાનું જ્ઞાન આપવાની સગવડ પણ સરકાર કરે છે."[૨] સાત ઓસ્કાર પુરસ્ત નામાંકિત જાપાની ફિલ્મ નિર્દેશક અકિરા કુરોસાવા માત્ર જાપાની ભાષા જાણતા હતા, છતાં વૈશ્વિક ખ્યાતિ પામ્યા હતા. આવા તો અનેક મહાનુભાવોના ઉદાહરણ આપી શકાય.

સાંસ્કૃતિક વારસાની જાળવણી

પોતાના મૂળ વતનમાંથી વિસ્થાપિત થયાના હજારો વર્ષ પછી પણ યહૂદી પ્રજા પોતાના મૂળ રીત રિવાજો અને ધર્મ સંસ્કૃતિ સાચવી શકે છે. તેનું કારણ પોતાની માતૃભાષાને તેઓએ જીવંત રાખી છે. આજના ઇઝરાયેલની એકતાનું પ્રેરકબળ સદીઓ સુધી જીવંત રખાયેલી એમની માતૃભાષા હિબ્રુ છે. આમ સ્વભાષા સંસ્કાર સંસ્કૃતિનું વહન અને જીવન રસાયણ છે.

આમ ભાષા માત્ર વ્યવહાર કે જ્ઞાન પ્રાપ્તિનું માધ્યમ નથી. પણ તેની સાથે સમગ્ર જીવનરીતિ નો સમાવેશ કરતી આખી સંસ્કૃતિ સંકળાયેલી છે. આપણે જ્યારે બીજી ભાષા શીખીએ છીએ ત્યારે એમાં આપણી સંસ્કૃતિ કરતા જુદી વાત હોઈ શકે. વળી તે ભાષા જે પ્રદેશની હશે તેની જ વાત એમાં વધુ આવશે તે પણ સ્વાભાવિક છે. આમ કોઈપણ દેશની સાંસ્કૃતિક, વૈચારિક, સામાજિક અને પ્રાકૃતિક સમૃદ્ધિને માતૃભાષાના માધ્યમ દ્વારા જ જાળવી અને સંવર્ધી શકાય. વિવિધ ભાષા ભગિનીઓ આપણી આગવી મૂડી છે. તેને જાળવી તેનો વિકાસ કરવો જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, દેશમાં ચાલતી 'નેશનલ ઓપન સ્કૂલ' માધ્યમિક પરીક્ષાઓ તથા 'ઇન્દિરા નેશનલ ઓપન યુનિવર્સિટી' નાટક પરીક્ષાઓ અંગ્રેજી ભાષા વિના લઈને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપે છે આ પ્રણાલીથી અનેક વિદ્યાર્થીઓએ લાભ મળે છે અને પોતાના જીવન નિર્વાહ કરી રહ્યા છે. સરકાર આ યોજનાને તમામ શિક્ષણ સંસ્થાઓમાં લાગુ ન કરાવી શકે?

માતૃભાષા શિક્ષણ સિદ્ધાંત

વિદ્યાર્થીઓના હીતને ધ્યાનમાં રાખીને કોઈ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આજ સુધી ઘડવામાં આવી નથી. અનેક પંચો રચાયા, પરંતુ તે બધા અભરાઈ પર કે કબાટોમાં ધૂળ ખાતા રહી ગયા. બધા શિક્ષણવિદોનો એકમત છે કે, શિક્ષણ માતૃભાષામાં હોવું જોઈએ, તેમ છતાં હજુ પણ દેશમાં બાળકોને ફરજિયાત પણે અંગ્રેજી ભણાવાઈ રહી

 ISSN: 2349-6002

છે. અંગ્રેજી મહાન ભાષા છે. પરંતુ એક સ્વતંત્ર દેશમાં ફરજિયાત પણે અંગ્રેજી શીખવવી એ દેશને ફરી ગુલામ બનાવવા તરફ દોરી જશે.

2002માં કેન્દ્ર સરકાર દ્વારા 6 થી 14 વર્ષના બાળકોના 'મફત અને ફરજિયાત શિક્ષણ' ને 'માર્ગદર્શન સિદ્ધાંતો' માંથી 'મૂળભૂત અધિકાર' બનાવાયો છે. 2010 થી તે કાયદારૂપે અમલી બન્યો છે. પરંતુ તેમાં ભણતરના માધ્યમ અંગે કોઈ દિશા નિર્દેશ અપાયો નથી. સ્વભાવમાં શિક્ષણ પામવું એ પ્રત્યેક બાળકનો જન્મ સિદ્ધ, જીવન સિદ્ધિ અને શિક્ષણસિદ્ધ અધિકાર છે. 'મફત અને ફરજિયાત શિક્ષણની જેમ 'માતૃભાષામાં શિક્ષણ' એ પણ આવો જ દરજ્જો મળવો જોઈએ. કેટલીક સદીઓ સુધી બ્રિટિશ શાસન તળે રહેવાના કારણે આપણા રાજનેતાઓને ક્યારેય સ્વપ્નામાં પણ ધ્યાને નથી આવ્યું કે વિદ્યાર્થીઓને માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણ આપવું સરળ, સ્વાભાવિક, મનોવૈજ્ઞાનિક તથા આર્થિક દ્રષ્ટિએ લાભકારક છે. હવે આપણી સરકાર જાગે અને વિશ્વમાં સર્વત્ર માન્ય એવા 'માતૃભાષામાં શિક્ષણ આપવાના સિદ્ધાંત'ને વિના વિલંબે સ્વીકારે.

માતૃભાષામાં પ્રસારના પ્રયત્નો

રાજકોટના વેલજીભાઈ દેસાઈએ તો 'માતૃભાષા માધ્યમ આંદોલન' શરૂ કર્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ 'માતૃભાષા સંવર્ધન કેન્દ્ર' ચલાવે છે. 'યુનો'ના એક મહત્વના અંગ સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો) દ્વારા દર વર્ષે 21મી ફેબ્રુઆરીનો દિવસ વિશ્વભરમાં 'માતૃભાષા સંવર્ધન દિન' તરીકે મનાવાય છે. જ્યારે લંડનની ગુજરાતી સાહિત્ય અકાદમી દર વર્ષે છઠ્ઠી મેના 'આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિન' મનાવે છે. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી કવિ નર્મદ નો જન્મદિવસ 24મી ઓગસ્ટ વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ઉજવે છે. એ જ પ્રમાણે મહારાષ્ટ્રના કવિ 'કુસુમાગ્રજ'નો જન્મદિવસ 27મી ફેબ્રુઆરી વિશ્વ મરાઠી ભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને દેશાભિમાનની જેમ આપણા ભાષા અભિમાન પણ જાગવું જોઈએ.

આપણે સમયસર જાગવું પડશે તેમજ પુનઃ વિચાર કરવો પડશે કે આપણા બાળકો ક્યાં સુધી અંગ્રેજીની ગુલામી કરતા રહેશે. જો આ પ્રવૃત્તિ તત્કાલ રોકવામાં નહીં આવે તો દેશમાં અત્યારે જે નવો વર્ગ પેદા થઈ રહ્યો છે તેની તાનાશાહી વિરુદ્ધ અભણ ગરીબ જનતાના રોષને રોકવાનું શક્ય નહીં બને. શું ગાંધી- દયાનંદ-વિનોબા સપનાનું ભારત ક્યારે અસ્તિત્વમાં આવી શકશે ખરું? આપણે આશાવાદી બનીએ.

માતૃભાષામાં બ્લોગિંગ:ભાષાનો આધુનિક અવતાર

ભાષા સાહિત્ય અને વિકાસમાં સમૂહ સંચાર અને આધુનિક ટેકનોલોજીનો ફાળો નાનોસૂનો નથી. આધુનિક ટેકનોલોજી કુદકે ને ભૂસકે વિકસી રહી છે. ત્યારે આજનું માનવી આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ કરી ભાષા સાહિત્યના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યો છે. સાયબર જગતની શરૂઆત એક જ ભાષાથી થઈ જે અંગ્રેજી છે. ધીરે ધીરે તેનો વ્યાપ અને માંગ વધતા તેમજ સ્થાનિક ભાષાઓ પણ ઉમેરવાની માંગ થવા લાગી. આજથી થોડા વર્ષો અગાઉ ગુજરાતી ભાષામાં પણ વેબસાઈટ તૈયાર થઈ શકે એવી કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. હા, દૈનિકોની વેબસાઈટ ગુજરાતીમાં જરૂરથી તૈયાર થતી હતી. પરંતુ એમાં પણ ફોન્ટની સમસ્યા રહેતી. જો તમારે ઇન્ટરનેટ પર કોઈ છાપુ વાંચવું હોય તો સૌ પ્રથમ તેના માટે જરૂરી ફોન્ટ ડાઉનલોડ કરવા પડે અને આ એક ખૂબ જ કંટાળાજનક પ્રક્રિયા હતી. ત્યારબાદ આવી ડાયનેમિક ફોન્ટ પદ્ધતિ. તેમાં પણ કેટલીક મર્યાદા હતી. આ મર્યાદાને દૂર કરવા યુનિકોર્ડનો જન્મ થયો. જેના આગમનથી ઇન્ટરનેટ પર ગુજરાતી ભાષાનો સુવર્ણયુગ શરૂ થયો. પરંતુ ગુજરાતીમાં ટાઈપ કરવા શું કરવું? એ પ્રશ્ન તો ઊભો જ

 ISSN: 2349-6002

હતો. તેના ઉકેલ માટે માઇક્રોસોફ્ટ કંપનીએ bhashaindia.com નામની વેબસાઈટ બનાવી અને લોકો પોતાની ભાષામાં ઇન્ટરનેટ ઈમેલ લખતા થયા.

આમ છતાં સાયબર જગતની આ ક્રાંતિ વેબસાઈટ પૂરતી જ મર્યાદિત હતી. પોતાના વિચારો વ્યક્તિગત બાબતો લખવા માટે તેની પાસે કોઈ સુવિધા ન હતી. આ બાબતને ધ્યાનમાં લઇ બ્લોગ નામની વિશિષ્ટ સુવિધાનો જન્મ થયો. જેને ગુજરાતી ભાષા વિકાસમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો. આજ ગુજરાતી ભાષામાં સેકડો વેબસાઈટ તૈયાર થઈ ગઈ છે. જેમ જેમ સુવિધાઓ વિકસી જાય છે તેમ તેમ ઇન્ટરનેટ પર ગુજરાતી વેબસગત વધારે ને વધારે સમૃદ્ધ થતું જાય છે.

ગુજરાત કે ભારતમાં સૌથી વિકસિત રાજ્યોમાં અગ્રેસર છે એ વાત સૌ જાણીએ છીએ. ગુજરાતનો વિકાસદર, ગુજરાતીઓનો વિકાસપ્રેમ એ પણ હવે જગ જાહેર બનતો ગયો. પરંતુ ગુજરાતી જણ એટલે અટક્યો નથી. એ અનિવાર્ય એવી ઇન્ટરનેટની દુનિયા તરફ ગયો છે. જોકે સાચી રીતે કહેવું હોય તો વળ્યો છે ને બદલે ઇન્ટરનેટની દુનિયાને ધૂમી મળ્યો છે એમ કહેવું જોઈએ. ઇન્ટરનેટ ઉપર પોતાની વાત રજૂ કરવાનું સૌથી સફળ અને અસરકારક માધ્યમ બની રહ્યું છે. બ્લોગ, સ્લમડોગ મિલીનિયોરની ચર્ચા કરતો અમિતાભનો બ્લોગ કે કોલકાતા નાઈટ રાઇડર્સ ની અંદરની વાતો લીકેજ કરતો અજ્ઞાત બ્લોગ હોય. બ્લોગના માધ્યમથી પોતાની વાત જાહેરમાં મુકવાનું વલણ હવે સેલિબ્રિટી સહિત સામાન્ય માણસોમાં પણ વધી રહ્યું છે. પરંતુ આપણે તો વાત કરવી છે ગુજરાતી ભાષા વિશેના બ્લોગની.

એક સાદી ગણતરી મુજબ વર્ષ 1996 સુધીમાં ગુજરાતી ભાષામાં લખાતા કે ગુજરાતી ભાષાની ચર્ચા કરતા બે કે ત્રણ બ્લોગ ઈન્ટરનેટ ઉપર અસ્તિત્વ ધરાવતા હતા. જેની સંખ્યા વર્ષ 2002માં વધીને 25 થઈ અને વર્ષ 2006 માં લગભગ 130. આજે વાત કરવી હોય તો ગુજરાતી બ્લોગ ની સંખ્યા 1000 કરતા પણ વધારે હશે..

આમાંથી મોટાભાગના બ્લોગનું કામ એક જ છે અને એ છે ગુજરાતી ભાષા સાચવવાની. જો આ બ્લોગને એક સંસ્થા તરીકે સ્વીકારીએ તો એના માધ્યમથી ભાષાનું કામ કરી રહેલા વ્યક્તિઓને સેવા ભેખધારી એટલે કે સ્વયંસેવક જ ગણવા પડે. મોટાભાગે આ લોકો ગુજરાતી ભાષાને સાચવવાનું જ કામ કરે છે. એમને પોતાને વાંચતા વાંચતા ક્યાંથી ગમેલું કે ક્યારેક પોતે રચેલું સાહિત્ય બ્લોગ ઉપર મુકાય છે. હા એમાં એક જોખમ રહેતું કે બીજાની રચના તળ પડાવીને પોતાને નામે ચડાવી રજૂ કરનારા મોટી સંખ્યામાં દેખાતા. પરંતુ તકનિક ના વિકાસ સાથે આ સંખ્યામાં ઘણો મોટો ઘટાડો નોંધાયો છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેની ખાઈ દૂર કરવા સાથે સારી રચનાઓને બનાવવા સાથે આગામી પેઢીમાં ભાષા સંસ્કાર દ્રઢ કરવા મથતા લોકો આ સ્વયંસેવી કાર્યમાં રોકાયેલા છે. એ પણ કોઈ પણ પ્રકારના પારિશ્રમિકની અપેક્ષા વિના કલાકો સુધી નિસ્વાર્થ ભાવે કાર્ય કરે છે.

નવી અને જૂની પેઢી વચ્ચે સંબંધનો બંધ વધુ મજબૂત કરવાના જેથી મંડેલા બ્લોગમાં કેટલાક પ્રતિનિધિ નામ લેવા હોય તો મોના નાયકનો 'ઊર્મિસાગર', જયશ્રી ભક્તાનો 'ટહુકો', ચેતન ફ્રેમવાળા, મંથન-ભાવસાર-ચેતનાબેન શાહનો 'ધબકાર' અને નીલમ દોશીના 'પરમ ઉજાસ'નું સ્થાન મોખરે છે. તો ગુજરાતી ભાષાની યથા યોગ્ય જાળવણી સૌથી મોંખરે છે. મૃગેશ શાહનું રેડ ગુજરાતી સાથે છે. ધવલ શાહ અને વિવેક ટેલરના લઈશ સ્તરો પણ ખરું. તો પોતાના અનુભવો વિશે પોતાના લેખન વિશે ઘણા બ્લોગ છે. એમાં કાવ્ય પદાર્થ વિશેના બ્લોગમાં વિવેક ટેલર નો શબ્દ છે. શ્વાસ મારા, હેમંત પુણેકરના કાવ્યો, મહેશ રાવળ નું નવેસર, દેવિકાબેન ધ્રુવ-ધીરુ શાહ-ગિરીશ દેસાઈ-પ્રવીણ કડકિયા ની ગુજરાતી સાહિત્ય સરિતા આવે. ગતિ માટે

 ISSN: 2349-6002

વિજયનું ચિંતન જગત જે. ડી.પટેલનું વેબ પુસ્તકાલય, નીલા કડકીયાનું મેઘ ધનુષ વગેરે ગણી શકાય મજા ની વાત તો એ છે કે, પ્રયોગાત્મક અભિગમ ધરાવતા કેટલાક બ્લોગ દ્વારા ઘણા લેખકો દ્વારા લખાતી સહિયારી નવલકથા, લઘુનવલકથા શબ્દઆરંભે એક જ નક્કી અક્ષરની અંતાક્ષરી જેવા કેટલાય પ્રયોગો થયા. આવી અનેક પ્રવૃત્તિઓ ઇન્ટરનેટના માધ્યમથી થઈ રહી છે એક રીતે જોઈએ તો આ યાદી બિલકુલ અપૂર્ણ છે. એ પરિપૂર્ણ હોવાનો કોઈ દાવો નથી. ઇન્ટરનેટ ઉપરના ગુજરાતી રંગના કુંડામાંથી તો માત્ર થોડા ચટકા છે.

છેલ્લે એક આખરી વાત. આવા નિસ્વાર્થ સેવાના ભેખધારી બ્લોગર્સ માટે શું કરી શકાય? એક સાદો ઉપાય છે એમના બ્લોગ ઉપરથી કોઈ મજાની વિગત ને ક્યાંક જરા જેટલું પણ સ્થાન ક્રેડિટ સાથે આપી શકાય તો આપવું જોઈએ.

## ઉપસંહાર

વાસ્તવમાં "જ્ઞાન ચરિત્ર અને સંસ્કૃતિની ત્રિવેણી સંગમથી જ શિક્ષણ તીર્થરાજ પ્રયાગ બને છે."[3] જ્ઞાનએ જીવનના વિકાસનું સાધન છે અને જીવનનું લક્ષ્ય પણ છે. જ્ઞાનના પ્રકાશથી જ જીવનના વિવિધ પાસાં વિકસે છે. શિક્ષણ અને સંસ્કારથી મનુષ્યનું જીવન સારી રીતે વિકસે છે શિક્ષણ પ્રાકૃત માણસને સંસ્કૃત અને સભ્ય બનાવે છે. શિક્ષણ સંસ્કૃતિની એક પ્રણાલી છે એ પ્રણાલી જો માતૃભાષા સાથે વિકશે તો શ્રેષ્ઠ ગણાય.

## પાદટીપ

૧. સંકલન શ્રેણી, શિક્ષણમાં માતૃભાષા પૃષ્ઠ નં.૧૨

૨. એજન પૃષ્ઠ નં.૧૨

૩.ભારતીય શિક્ષણનાં મૂળતત્વો પૃષ્ઠ નં.૬

## સંદર્ભ સાહિત્ય

[1] વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક , ભરત જોશી અને ચંદ્રકાંત ભોગાયતા, પ્રકાશન ભરતભાઈ અનડા બુક ડીપો, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ 1995.

[2] ભારતીય શિક્ષણનાં મૂળતત્વો, લજ્જારામ તોમર, ગુજરાતી અનુવાદ પ્રકાશક સંસ્કાર ગુર્જરી, દ્વિતીય આવૃત્તિ 1999.

[3] સંકલન શ્રેણી(પાક્ષિક) 'શિક્ષણમાં માતૃભાષા'અંક 299, 21 ઓગસ્ટ 2015.

[4] સાધના 'માતૃભાષા ગુજરાતી વિશેષાંક', 29 એપ્રિલ, 2017.